RAN-2408000602050002

# RAN-2408000602050002

## F.Y.B.Com. (NCF - NEP) (Sem. II) Examination November - 2025
## AEC - Gujarati Proficiency And Life Skills - II (Paper - II)
## AEC - 1 : Gujarati Bhasha Samarthaya And Jivan Kaushal - II (Paper - II)

**Time: 1 Hour ]** **[ Total Marks:25**

| સૂચના : / Instructions | Seat No.: |
|---|---|
| (1) ઉપરોક્ત દર્શાવેલ વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.<br>Fill up strictly the above details on your answer book. | Student's Signature |

**પ્ર. 1. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો (કોઈપણ પાંચ)** **(10)**

1. કોશ શબ્દ માટે વપરાયેલા બે શબ્દો જણાવો.
2. કોશના પ્રકાર જણાવો.
3. કહેવત એટલે શું?
4. વિરુદ્ધાર્થી કહેવત ઉદાહરણ આપી સમજાવો.
5. રૂઢિપ્રયોગ એટલે શું?
6. ગદ્યખંડનું શીર્ષક કેવું હોવું જોઈએ?
7. ગદ્યખંડના પ્રશ્નોના જવાબ આપતી વખતે કઈ કાળજી રાખશો.

**પ્ર. 2. અ. નીચે આપેલ કહેવતો જણાવો (કોઈપણ પાંચ)** **(05)**

1. દૂધનો દાઝેલો છાશ ફૂંકીને પીએ
2. બોલે તેના બોર વેંચાય
3. મોટા એટલા ખોટા
4. વિનાશ કાળે વિપરીત બુદ્ધિ
5. અણી ચૂક્યો સો વરસ જીવે
6. રજનું ગજ કરવું
7. સંગ તેવો રંગ
8. ઝાઝી કીડીઓ સાપ તાણે
9. ડુંગરા દૂરથી રળિયામણા
10. સોના કરતા ઘડામણ મોંઘી

**પ્ર. 2. બ. નીચે આપેલ રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યમાં પ્રયોજો (કોઈપણ પાંચ)** **(05)**

1. ટાઢું પાણી રેડવું
2. આભના તારા દેખાડવા
3. ખણખોદ કરવું
4. જમણો હાથ હોવું
5. દહીં દૂધમાં પગ રાખો

6. તમાશો જોવો
7. ઘડો ફૂટવો
8. અડસઠ તીર્થ કરવાં
9. ચૌદ ભુવન એક થવા
10. અબોલા લેવા

**પ્ર. 2. ક. ટૂંક નોંધ** **(05)**

1. કોશની ઉપયોગિતા
2. કહેવતોની લાક્ષણિકતા

**અથવા**

**પ્ર. 2. ક. નીચે આપેલા ગદ્યખંડને વાંચીને આપેલા પ્રશ્નોના જવાબ લખો.** **(05)**

'શરીર અને મનની રીતભાત ઉપરાંત વાણીની રીતભાત ઉપર ઘણામાં ઘણું લક્ષ આપવાનું છે. શરીરની કઢંગી રીતથી કે મનના સાંકડાપણાથી એટલી બધી હાનિ થતી નથી કે જેટલી નઠારી વાણીથી થાય છે. તલવારના ઘા રૂઝાય જાય છે પણ વાણીના ઘા રૂઝાતા નથી ને તેથી જીવતાં સુધી સાંભરે છે; ને સાંભરે છે ત્યારે ઘા કરનારને કાંઈક કરવાની પ્રેરણા કરે છે, એવો પ્રથમ નિયમ રાખવો કે જરૂર જેટલું જ બોલવું, ને પૂછે તેટલું જ ઉત્તર કરવું. અતિશય લવલવ કર્યા કરવું નહીં. જે બોલવું તેમાં પણ જે સાર હોય તે થોડા શબ્દોમાં સમાવી દેવો; ને નિત્યે એક નક્કી રાખવું કે સાંભળેલી અથવા અનુમાનથી કલ્પેલી વાતને જાણતાં હોઈએ તે કરતાં ઓછી કહેવી. જેનો પ્રત્યક્ષ નિશ્ચય હોય તે તો યર્થાથ જણાવવી. બોલવામાં સંકોચ રાખીરાખીને કદાપી બોલવું નહીં, કેમ કે એમ થવાથી સાંભળનારને શંકા પડી જાય છે, ના તમારી વાત ખરી હોય તો પણ મનાતી નથી. જેમ ચાલવામાં કે બેસવામાં શરીરને સંકોચ કરવું એ એક કુટેવ છે તેમ બોલવામાં પણ અમે કેવી રીતે સંકોચ પામી ગાળાચાળા કરવા એ બહુ જ હાનિ કરનારું છે. સ્પષ્ટ રીતે જ બોલવું ને જે જેવું હોય તેવું જણાવવું. વાણી એવી રાખવી કે જેથી સર્વને પ્રીતિ થાય. એક પણ કડવો શબ્દ તેમાં વાપરવો નહીં; ને કહેવામાં કડવી વાત પણ મીઠી રીતે કહેવી. બોલવામાં જે શબ્દો વાપરવા તેમાં કદાપિ પણ હલકા લોક વાપરે છે તેવા શબ્દો વાપરવા નહિ, કેમ કે એથી તમારી સોબત હલકી છે એમ સાબિત થાય છે, ને તેથી તમે સારા માણસના વિશ્વાસને પાત્ર થતા નથી.

– મણિલાલ દ્વિવેદી

પ્રશ્નો :

1. કયા ઘા રૂઝાતા નથી ના જીવનભર સાંભરે છે?
2. સર્વ પ્રથમ કયો નિયમ રાખવો જોઈએ?
3. શું રાખીને બોલવું ન જોઈએ? કેમ?
4. વાણી કેવી રાખવી જેઈએ?
5. ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.